# આર.ટી.ઓ. કચેરીમાં ધનતેરસના દિવસે જ અરજદારો ધક્કે ચઢયા

## સર્વર ડાઉન થતા અરજદારોના કામ અટવાયા : આર.ટી.ઓ. કચેરીના ભ્રષ્ટ અને નબળા વહીવટીના લીધે આમ નાગરિકોમાં આક્રોશ

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં આજે સર્વર ડાઉન થતા કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. થોડાસમય અગાઉ જ વાહન વ્યવ્હાર મંત્રી ઝડપી અને પારદર્શક વહીવટીની વાતો કરી શિખામણ આપી ગયા છે. ત્યારે આર ટી ઓ કચેરીમાં અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. આજે પણ આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થતા અરજદારોના લાઈસન્સ, વાહન નોંધણી સહીતના કામો અટવાયા છે. આર ટી ઓ ના અધિકારીઓ મીટીંગમાં વ્યસ્ત છે. ત્યારે અરજદારો તહેવારના દિવસોમાં આર ટી ઓ કચેરીના અણઘડ વહીવટના લીધે ત્રસ્ત બન્યા છે.

ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી સમસ્યાઓથી ઘેરાયેલી છે. ગત સપ્તાહ દરમિયાન એ સી બી ટ્રેપના લીધે વિવાદમાં સપડાયેલી આર ટી ઓ કચેરી ભ્રષ્ટ વહીવટના લીધે પણ આમ નાગરિકોમાં રોષનુ કારણ બની છે. ત્યારે આર ટી ઓ કચેરીમાં અરજદારોને કામો પણ અટવાતા આમ નાગરિકોને ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. આવા સંજોગોમાં આર ટી ઓ કચેરીમાં નવુ સોફટવેર ઈનસ્ટોલ કરવામાં આવ્યુ છે. પરંતુ વાહન ફોર સર્વર ડાઉન થતા કામગીરીમાં અત્યંત વિલંબ થઈ રહયો છે. આર ટી ઓ માં અરજદારોના લાઈસન્સની કામગીરી પણ મંદ પડી ગઈ છે. આર ટી ઓ કચેરીમાં અરજદારોની સંખ્યા સામે ૫૦ ટકાથી પણ ઓછા લાયસન્સ ઈસ્યુ થાય છે. આજે પણ સર્વર ડાઉન થતા લાયસન્સ ઈસ્યુ કરવા ઉપરાંત વાહન નોંધણી સહીતના કામો અટવાઈ પડયા હતા. જયારે તહેવારના દિવસે અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવ્યો હતો. અરજદારોના કામ ઓનલાઈન એપોઈન્ટમેન્ટ થકી જ નિપટાવી શકાય તેમજ તેમનો સમય ન બગડે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવે છે. ત્યારે હાઈટેક આર ટી ઓ કચેરીની વ્યવસ્થાની સુફિયાણી વાતો વચ્ચે રાજયના પાટનગરમાં જ આર ટી ઓ કચેરી ભ્રષ્ટ વહીવટ અને અવ્યવસ્થાથી ગુંગળામણ અનુભવી રહી છે. આર ટી ઓ કચેરીમાં આવતા અરજદારો પરેશાન છે. પરંતુ આસપાસના રહેણાંક વિસ્તારના રહીશો પણ આર ટી ઓ કચેરી નજીક થતા ટ્રાફિક ભંગના લીધો ત્રાહીમામ પોકારી ગયા છે.




### સુરત મેરેથોનમાં ગાંધીનગરના દોડવીરો

તાજેતરમાં સુરત ખાતે યોજાયેલ હાફ મેરેથોનમાં ગાંધીનગરના સાત દોડવીરોએ ભાગ લીધો હતો. જેમાં એક મહિલા દોડવીરનો પણ સમાવેશ થાય છે. આ મેરેથોન દરમ્યાન વાતાવરણ એટલુ બધુ ભેજયુક્ત હતુ કે દોડવીરોને સતારા મેરેથોન જેવો અનુભવ થવા પામ્યો હતો. આટલા વિષમ વાતાવરણમાં પણ શહેરના દોડવીરોએ હાફ મેરેથોન નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરી હતી. આ દોડવીરોમાં ચિતરંજન સોનવણે, દિલીપ શર્મા, જગત કારાણી, ચૈતન્ય શુકલ, ધવલ ઝાંઝલ, અર્જુનસીંઘ વણઝારા અને ખુશાલી પુરોહિતનો સમાવેશ થાય છે.

## કાળીચૌદશ નિમિત્તે ગાંધીનગર રેશનલ સમાજ દ્વારા ધોળેશ્વર પાસે જનજાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર તા ૧૭

કાળી ચૌદશ નિમિત્તે રેશનલ સમાજ ગાંધીનગરના ઉપક્રમે ગાંધીનગર નજીક ધોળેશ્વર મહાદેવ પાસે વ્હેમ અને અંધશ્રધ્ધા નિર્મુલન કાર્યક્રનનું આયોજન કરવામાં આવ્યું છે. તે ઉપરાંત ભુત-પ્રેત અંગે લોક જાગૃતિ કેળવણી કાર્યક્રમ પણ આ સ્થળે રાત્રે ૯ વાગ્યે રાખવામાં આવ્યો છે. નિસર્ગ સાયન્સ સેન્ટરના નિયામક ડૉ. અનિલ પટેલ દ્વારા આ સ્થળે કહેવાતા ચમત્કારો જવા કે હાથમાંથી કંકુ કાઢવું, પાણી છાંટીને દીવો પ્રકટાવવો, હવનમાં ઘી નાંખી અગ્નિદેવતા બોલાવવા, દુધ અદશ્ય કરી દેવું સહિતના વિવિધ ચમત્કારોનું નિદર્શન કરવામાં આવશે.

### મિહિર દવે પીએચ.ડી. થયા

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના ગ્રામીણ પરિસર- રાંધેજા ખાતે સંચાલિત ગ્રામ વ્યવસ્થાપન વિભાગ, વ્યવસ્થાપન અને તકનીકી વિદ્યાશાખામાં મિહિર દવેને "દક્ષિણ ગુજરાતમાં આદિવાસી મહિલાઓ અને બાળકોના વિકાસ માટે સંચાલિત આરોગ્ય અને પોષણલક્ષી યોજનાઓની અસરકારકતાનો વ્યવસ્થાપકીય અભ્યાસ" વિષય ઉપર પીએચ.ડી. ઉપાધિ ઈનાયત કરવામાં આવી છે તેમણે આ સંશોધન કાર્ય પ્રોફેસર લોકેશ જૈનના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

# ...તો પાલજના ગ્રામજનો ચૂંટણીમાં મતદાનથી અળગા રહેશે

ગાંધીનગર, તા. ૧૭

પાલજ ગામના મધ્ય ભાગમાં આવેલ કોતરનું પુરાણ કામ કરવામાં નહિ આવે તો પાલજના ગ્રામજનો વિધાનસભાની ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરશે તેમ પાલજ યુવા પ્રગતિમંડળના ભીખુસિંહ બિહોલાએ એક નિવેદનમાં જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે તાજેતરમાં થયેલ ભારે વરસાદને કારણે પાંચ મકાન કોતરના કિનારે આવેલ હોવાથી ધરાશયી થયા હતા. કિનારાનાની બન્ને બાજુ ૫૦ જેટલા આવાસો આવેલ છે જે પણ ધરાશયી થઈ જાય તેવી સ્થિતિનું નિર્માણ થયેલ છે.

વારંવાર તંત્ર સમક્ષ આ મુદ્દે રજુઆત કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈજ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી તે દુઃખદ છે.

તેમણે જણાવ્યુ છે કે ૧૧-૧૦-૧૭ના રોજ મળેલ ખાસ ગ્રામસભામાં સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો છે કે જો સરકાર આ રહીશોને તાત્કાલિક વૈકલ્પિક જમીન ન ફાળવે અને તેમના આવાસની સમસ્યાને ગંભીરતાથી ના લે તો વિધાનસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવો.

સરકાર બે વર્ષમાં ૧૭૬૦ કરોડના ખર્ચે આઈ.આઈ.ટી.નું મકાન બનાવી શકે છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારના રહીશોની કોઈ ચિંતા નથી.

# એન્ટી ઈન્કમબન્સી ઈફેક્ટ : ભાજપ તેના ચહેરા બદલશે, ૫૫થી વધુ ધારાસભ્યને ટીકીટ નહીં

## પહેલીવાર જોયા હશે તેવા નવા નિશાળિયાને ટીકીટ મળે તો નવાઇ નહીં

ગુજરાતમાં એન્ટી ઈન્કમબન્સીની અસર હોવાથી ભાજપે વર્તમાન ધારાસભ્યોની ટીકીટ કાપીને નવા ઉમેદવારો પસંદ કરવાનું નક્કી કર્યું છે. ભાજપના હાલના ધારાસભ્યો સામે વિરોધ ઉભો થયો છે અને

### પાટીદાર અને ઓબીસી સમાજના યુવાનોને ટીકીટ આપવાની સ્ટેટેજી ઘડાશે

મોટાભાગના ધારાસભ્યો કે જેઓ ત્રણ કે તેથી વધુ ટર્મથી સત્તા ભોગવે છે તેમને નો-રિપીટ થિયરીમાં મૂકવામાં આવે તેવી સંભાવના છે. ભાજપ ૨૦૧૭ની ચૂંટણીમાં યુવા અને મહિલા કાર્યકરોને ટીકીટ આપવા માગે છે.

છેલ્લી ત્રણ વિધાનસભામાં સૌથી વધુ બેઠકો મેળવીને સત્તા ભોગવી રહેલી ભાજપની સરકાર ચોથીવાર જો તેના ઉમેદવારો યથાવત રાખશે તો પાર્ટી જે તે બેઠક ગુમાવી દેશે તેવી દહેશતના કારણે પાર્ટીના સિનિયર નેતાઓમાં એક સૂર એવો ઉઠ્યો છે કે ધારાસભ્યો બદલવાથી એન્ટી ઈન્કમબન્સીની અસર નહીં રહે. ભાજપ ગાંધીનગરના બન્ને ઉમેદવારોને બદલવા માગે છે, કારણ કે આ બન્ને બેઠકો પર ભાજપના હાલના ધારાસભ્યોને ટીકીટ આપવામાં આવે તો તેઓ હારી જાય તેવી સ્થિતિ છે, કારણ કે આ બન્ને ધારાસભ્યોએ ગાંધીનગરના પ્રશ્નો ઉકેલવામાં દુર્લક્ષ્ય રાખ્યું છે. લોકો સાથે સીધો સંવાદ ઉભો કર્યો નથી.

બીજી તરફ અમદાવાદ શહેરની ૧૬ અને જિલ્લાની પાંચ બેઠકોમાં આયાતી ઉમેદવારો પર પ્રતિબંધ મૂકવાની માગણી સાથે ભાજપમાં આંતરકલહ ચરમસીમાએ છે. ખાસ કરીને અમિત શાહની નારણપુરા અને આનંદીબહેન પટેલની ઘાટલોડિયા બેઠક પર પાર્ટીએ વધારે ધ્યાન કેન્દ્રીત કર્યું છે, કારણ કે આ બન્ને બેઠકો અસ્તિત્વનો જંગ છે. અમદાવાદની આ બેઠકો પર ૬૦ લાખ જેટલા મતદારો છે.

### અમદાવાદ અને ગાંધીનગરમાં મોટાપાયે ફેરફારો સંભવ, ત્રણ ટર્મ હશે તે ઘરભેગા

૨૧ બેઠકો પૈકી ચાર બેઠકો કોંગ્રેસ પાસે છે. ભાજપની ૧૭ બેઠકો પૈકી ૧૨ બેઠકોમાં ગજગ્રાહ ચરમસીમાએ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને નરોડા, બાપુનગર, જમાલપુર, મણીનગર, સાબરમતી, ઠક્કરબાપાનગર, નિકોલ એલીસબ્રીજ, ધંધુકા અને અસારવાની બેઠકો પર ઉમેદવારો બદલાય તેવી સંભાવના છે. કોંગ્રેસ પારે દરિયાપુર અને દાણીલીમડાની બેઠકો છે એ ઉપરાંત સાણંદ અને વિરમગામની બેઠક પર ધારાસભ્યોએ રાજીનામું આપી ભાજપમાં જોડાતાં કોંગ્રેસને નવા બે ઉમેદવારો શોધવા પડશે. પાર્ટીના સૂત્રો જણાવે છે કે નારણપુરાની બેઠક પરથી અમિત શાહના વિશ્વાસુ એવા સહકારી આગેવાનને ટીકીટ મળી શકે છે.

આનંદીબહેન પટેલને મુખ્યમંત્રી પદેથી હટાવ્યા પછી એવું માનવામાં આવતું હતું કે ઘાટલોડિયાની બેઠક પરથી તેમના પુત્રી અનાર પટેલ ચૂંટણી લડશે પરંતુ હવે આ બેઠક અમિત શાહના વિશ્વાસુને મળે તેવી શક્યતા છે. આનંદીબહેન અગાઉ જાહેર કરી ચૂક્યાં છે કે તેઓ વિધાનસભાની ચૂંટણી લડવાના નથી પરંતુ તેઓ તેમના પુત્રી અનાર પટેલને વડોદરાની સલામત બેઠક પર ચૂંટણીના મેદાનમાં ઉતારવા માગે છે.

ગુજરાતમાં આનંદીબહેન પટેલ અને અમિત શાહનો ગજગ્રાહ ચરમસીમાએ છે ત્યારે અમદાવાની




બેઠકોમાં પાર્ટીને ભારે જહેમત ઉઠાવવી પડે તેમ છે. ગુજરાત ભાજપે આગામી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોને ટીકીટ આપવા મૂલ્યાંકન શરૂ કર્યું છે પરંતુ એ સાથે જ ભાજપ સામે મુશ્કેલીઓનો પહાડ ઉભો થઈ ગયો છે. ટિકિટ મેળવવા પક્ષમાં ચાલતી અંદરોઅંદરની ખેંચાખેંચી, સિટિંગ ધારાસભ્યો વિરૂદ્ધ સત્તાવિરોધી લહેર અને અસંતુષ્ટો પાર્ટીની સામે ખુલીને આવી રહ્યાં છે, જેનો પ્રથમ ભોગ વલ્લભ કાકડીયા બની રહ્યાં છે.

સૂત્રોએ જણાવ્યું કે કેટલાક પાર્ટી કાર્યકર્તાઓએ તો પક્ષના લાગતા વળગતાઓને ત્યાં સુધી કહી દીધું છે કે, જો તેમને ટિકિટ નહીં મળે તો આગામી ચૂંટણીમાં તેઓ ઈનએક્ટિવ થઈ જશે અથવા પોતાના ક્ષેત્રના કોંગ્રેસી ઉમેદવારને મદદ કરશે. રાજ્યમાં ઘણી એવી બેઠકો છે જેના પર ભાજપ પાસે ખૂબ જ ઓછું માર્જિન

● અનુસંધાન પાના - ૭ પર

